**CC No.501/2025**
**(Judgement)**

| | |
|---|---|
| ચાર્જશીટ દાખલ તારીખ | ૩૧/૦૫/૨૦૨૫ |
| રજીસ્ટર કર્યા તારીખ | ૩૧/૦૫/૨૦૨૫ |
| નિકાલ કર્યા તારીખ | ૨૩/૦૩/૨૦૨૬ |
| સમય અવધિ | વર્ષ માસ દિવસ<br>૦૦ ૦૯ ૨૩ |

**મહે.મહુવાના જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફ.ક.સાહેબની કોર્ટમાં, મુ.મહુવા, જિ.સુરત**

**ફો.કેસ નં. ૫૦૧/૨૦૨૫**

**આંક –**

ફરિયાદીઃ શ્રી સરકાર

વિરુદ્ધ

આરોપીઃ (૧) રાજુભાઈ સુરજીભાઈ નાયકા,
રહે.વાછાવડ ગામ નીચલુ નાયકીવાડ ફળિયું,
તા.મહુવા, જી.સુરત

(૨) લાલુભાઈ રાજુભાઈ નાયકા,
રહે.વાછાવડ ગામ નીચલુ નાયકીવાડ ફળિયું,
તા.મહુવા, જી.સુરત,

(૩) મીનાબેન વિનોદભાઈ નાયકા,
રહે.વાછાવડ ગામ નીચલુ નાયકીવાડ ફળિયું,
તા.મહુવા, જી.સુરત,

(૪) નરેશભાઈ સુરજીભાઈ નાયકા,
રહે.વાછાવડ ગામ નીચલુ નાયકીવાડ ફળિયું,
તા.મહુવા, જી.સુરત,

(૫) સુમિત્રાબેન નરેશભાઈ નાયકા,
રહે.વાછાવડ ગામ નીચલુ નાયકીવાડ ફળિયું,

તા.મહુવા, જી.સુરત,

(૬) જયાબેન પ્રકાશભાઈ નાયકા,
રહે.વાછાવડ ગામ નીચલુ નાયકીવાડ ફળિયું,
તા.મહુવા, જી.સુરત,

(૭) નમ્રતાબેન વિજયભાઈ નાયકા,
રહે.વાછાવડ ગામ નીચલુ નાયકીવાડ ફળિયું,
તા.મહુવા, જી.સુરત

**ગુનોઃ– બી.એન.એસ. ની કલમ–૧૧૫(૨), ૩૫૨, ૩૫૧(૩), ૫૪ મુજબ.**

---

**સરકાર તરફે વિ. એ.પી.પી.શ્રી -- એમ.યુ.પટેલ**
**આરોપી તરફે વિ.વ.શ્રી -- એન.કે.ચૌધરી**

---

**--// ઠ રા વ //--**

**(૧)** ફરિયાદપક્ષના કેસની ટુકમાં હકીકત એવી છે કે, તા.૦૩/૦૧/૨૦૨૫ ના રોજ કલાક ૧૦/૩૦ વાગેના સુમારે મોજે વાછાવડ ગામ નીચલુ નાયકીવાડ ફળિયું દિપકભાઈ ઉકડીયાભાઈ નાયકા નાઓના ખેતર પાસે આવેલ રસ્તા ઉપર જાહેરમાં આ કામના તહોમતદારોએ ફરિયાદીના ખેતરમાંથી અવરનવર ઝાડો કાપી લેતા હોય જે બાબતે કહેવા જતા આરોપીઓએ એકબીજાની મદદગારી કરી વારાફરતી આવી ફરિયાદીને નાલાયક ગાળો આપી ઢીકકમુકકીનો માર મારી જાનથી મારી નાંખવાની ધમકી આપી ગુનો કરેલ જેથી તેઓની વિરુદ્ધમાં બી.એન.એસ.ની કલમ–૧૧૫(૨), ૩૫૨, ૩૫૧(૩), ૫૪ મુજબનો ગુનો નોંધી તપાસ કરી અત્રેની

અદાલતમાં ચાર્જશીટ રજુ કરવામાં આવેલ છે.

**(૨)** ચાર્જશીટ રજુ થતા ચાર્જશીટ રજીસ્ટરે લઈ આરોપીઓને સમન્સની બજવણી થતા આરોપીઓ તેના વિ.વ.શ્રી મારફત નામ.કોર્ટમાં હાજર થતાં, બી.એન.એસ.એસ.ની કલમ – ૨૩૦ અન્વયે પોલિસ પેપર્સની નકલ પુરી પાડવામાં આવેલ છે તથા આંક–૦૨ થી તહોમતનામું ફરમાવી અને આરોપીઓની આંક–૦૩ થી આંક – ૦૯ સુધી પ્લી લેતા જેમાં આરોપીઓએ ગુનાનો ઈન્કાર કરેલ છે. આથી આરોપીઓ સામે આગળની ઈન્સાફી કાર્યવાહી ચલાવવામાં આવેલ છે.

**(૩)** ફરિયાદપક્ષે આરોપીઓ વિરુદ્ધ પોતાનો કેસ પુરવાર કરવા માટે નીચે મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલા છે.

**<u>મૌખિક પુરાવો</u>**

| **ક્રમ** | **વિગત** | **આંક** |
|---|---|---|
| **૧** | ફરિયાદી ધીરૂભાઈ ડાહ્યાભાઈ નાયકાની જુબાની (PW – 1) | ૧૪ |
| **૨** | સાહેદ લીલાબેન ધીરૂભાઈ નાયકાની જુબાની (PW – 2) | ૧૬ |
| **૩** | સાહેદ જયશ્રીબેન રવિન્દ્રભાઈ નાયકાની જુબાની (PW – 3) | ૧૭ |
| **૪** | સાહેદ તેજસભાઈ સુમનભાઈ નાયકાની જુબાની (PW – 4) | ૧૮ |
| **૫** | ત.ક.અમલદાર જયેશભાઈ કોટાભાઈની જુબાની (PW – 5) | ૧૯ |

**<u>લેખિત પુરાવો</u>**

| **ક્રમ** | **વિગત** | **આંક** |
|---|---|---|
| **૧** | ફરિયાદ | ૧૫ |
| **૨** | ગુનાવાળી જગ્યાનું પંચનામું | ૨૦ |

| | | |
|---|---|---|
| **3** | મેડીકલ સર્ટીફિકેટ | ૨૧ |

(૪) ફરિયાદપક્ષે પોતાનો પુરાવો પુરો થયેલાનું આંક – ૨૨ થી જાહેર કરેલ છે. ત્યારબાદ બી.એન.એસ.એસ.ની કલમ–૩૫૧ અન્વયે આરોપીઓનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે. જેમા આરોપીઓએ ફરિયાદપક્ષની મહત્વની હકીકતોનો ઇન્કાર કરી, સોગંદ ઉપર પુરાવો આપવો નથી, બચાવના સાહેદો તપાસવા નથી તેમ જણાવી વિશેષમાં જણાવેલ છે કે અમારા ઉપર ખોટો કેસ કરેલ છે. ત્યારબાદ ફરિયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી તથા આરોપીઓ તરફે વિ.વ.શ્રીની દલીલો સાંભળવામાં આવેલ છે.

(૫) **<u>આ કેસના ન્યાય નિર્ણય માટે મારી સમક્ષ નીચે મુજબનાં મુદા ઉપસ્થિત થાય છે.</u>**

(૧) શું ફરિયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, તા.૦૩/૦૧/૨૦૨૫ ના રોજ કલાક ૧૦/૩૦ વાગેના સુમારે મોજે વાછાવડ ગામ નીચલુ નાયકીવાડ ફળિયું દિપકભાઈ ઉકડીયાભાઈ નાયકા નાઓના ખેતર પાસે આવેલ રસ્તા ઉપર જાહેરમાં આ કામના તહોમતદારોએ ફરિયાદીના ખેતરમાંથી અવરનવર ઝાડો કાપી લેતા હોય જે બાબતે કહેવા જતા આરોપીઓએ એકબીજાની મદદગારી કરી વારાફરતી આવી ફરિયાદીને નાલાયક ગાળો આપી ઢીકકમુકકીનો માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપી બી.એન.એસ.ની કલમ – ૧૧૫(૨),

૩૫૨, ૩૫૧(૩), ૫૪ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે?

(૨) શું હુકમ?

**(૬)** ઉપરોકત મુદ્દાની ચર્ચા કરી છે તે મુજબ નિર્ણય નીચે મુજબ છે.

(૧) નકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

**(૭)** આરોપી સામે હાલનો કેસ ફોજદારી પ્રકારનો છે અને ફોજદારી ન્યાયશાસ્ત્રનાં સિદ્ધાંત અનુસાર કોઈપણ ફોજદારી પ્રકારની શરૂઆતની ઈન્સાફી કાર્યવાહી ચલાવવામાં આવે ત્યારે બે પ્રકારના અનુમાન સાથે ટ્રાયલ ચલાવવાની છે. પ્રથમ અનુમાનમાં આરોપીએ કરેલ ગુનામાથી તે નિર્દોષ છે તે અનુમાન સાથે ફોજદારી પ્રકારની કાર્યવાહીની શરૂઆત કરવામાં આવતી હોય છે. આરોપી વિરુદ્ધ કરવામાં આવતાં આક્ષેપો નિઃશંકપણે પુરવાર કરવાની જવાબદારી ફરિયાદપક્ષની હોય છે અને તે જવાબદારી કોઈપણ સંજોગોમાં ઓછી થતી નથી. રેકર્ડ ઉપર રજુ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાનાં મુલ્યાંકન સાથે ઝીણવટપુર્વક અભ્યાસ કરી નિર્ણય ઉપર પહોંચવાનું હોય છે. આમ, હાલનાં ગુનામાં આરોપી વિરુદ્ધની હકીકતો નિઃશંકપણે સાબિત કરવાં અંગેનો પુરાવો ફરિયાદપક્ષ ઉપર રહેલો છે.

**(૮)** સદર કામે ફરીયાદપક્ષે સોગંદ પર તપાસેલ સાહેદો નીચે મુજબ છે

(૮.૧) સદર કામે ફરિયાદપક્ષ તરફે આરોપીઓ સામેનો હાલનો ગુનો પુરવાર કરવા માટે આંક–૧૪ થી ફરિયાદી ધીરૂભાઈ ડાહ્યાભાઈ નાયકાને સોગંદ પર તપાસવામાં આવેલા છે તેઓ પોતાની સોગંદ પરની જુબાનીમાં જણાવે છે કે, "બનાવ આઠેક માસ અગાઉ બનેલો. બનાવના દિવસે હું મારા ઘરે હાજર હતો અને મારા કુંટુંબી રાજુભાઈ સુરજીભાઈ નાઓ અમારા ખેતરમાં આવેલ ઝાડો કાપી નાંખતા હોય જેથી તેઓને ખેતરમાં જતા જોઈ હું તેમની પાછળ ગયેલ અને તેઓને જણાવેલ કે અમારા ખેતરમાંથી ઝાડો કાપશો નહી. તેવી વાત કરતા અમો વચ્ચે બોલાચાલી થયેલ. સામાન્ય બોલાચાલી થવા સિવાય બીજુ કશુ બનેલ નહી. આ બનાવની મે મહુવા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ આપેલ. મને આજરોજ ફરિયાદ બતાવવામાં આવે છે જે જોઈને કહુ છુ કે તેમાં ફરિયાદી તરીકે મારી સહી છે જે હું ઓળખુ છું. સદર ફરિયાદને રજુ દાખલ આંક–૧૫ આપવામા આવે છે. આરોપીઓને જોયેથી ઓળખુ છું."

આમ, સદરહુ ફરિયાદી ફરિયાદપક્ષના કેસને સમર્થન આપતા ન હોય તેઓને વિ.એ.પી.પી.શ્રી.ની મૌખિક વિનંતીથી ફરી ગયેલા જાહેર કરી ઉલટ તપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવાની પરવાનગી આપવામાં આવતાં તેમની ઉલટતપાસ કરવામાં આવેલી છે જેમા તેઓ ફરિયાદપક્ષનાં કેસને સમર્થનકારી પુરાવો પુરો પાડતા નથી.

ત્યારબાદ સદરહુ ફરિયાદીની આરોપીઓના વિ.વ.શ્રી દ્વારા ઉલટતપાસ કરવામાં આવેલી છે જેમા તેઓ જણાવે છે કે, "એ વાત ખરી છે કે અમારા અને આ

કામના આરોપીઓ વચ્ચે મિલકત બાબતે ઘણા સમયથી તકરારો ચાલતી આવેલી છે. એ વાત ખરી છે કે આ બનાવમાં ફક્ત સામાન્ય બોલાચાલી થયેલી તે સિવાય બીજુ કશુ બનેલ નથી. એ વાત ખરી છે કે બોલાચાલી થતી વખતે મારો પગ લપશી જતા હું નીચે પડી ગયેલ અને મને માર વાગેલ. એ વાત ખરી છે કે આ કામના આરોપીઓએ મને કોઈ જાનથી મારી નાખવાની ધમકી આપેલ નથી. એ વાત ખરી છે કે આ કામના આરોપીઓએ મને કોઈ ધિકમુક્કીનો માર મારેલ નથી."

(૮.૨) ત્યારબાદ આંક–૧૬ થી સાહેદ લીલાબેન ધીરૂભાઈ નાયકાને સોગંદ પર તપાસવામાં આવેલા છે તેઓ પોતાની સોગંદ પરની જુબાનીમાં જણાવે છે કે, "બનાવ આઠેક માસ અગાઉ બનેલો. બનાવના દિવસે હું મારા ઘરે હાજર હતી તે વખતે અમોને ઝઘડો થતો હોય તેવો જોરજોરથી અવાજ આવતા હું તથા મારી વહુ બનાવ વાળી જગ્યાએ ગયેલ ત્યાં જઈને જોતા મારા પતિ ધિરૂભાઈ નાઓ સાથે રાજુભાઈ સુરજીભાઈ અને તેના ઘરના સભ્યો બોલાચાલી કરતા હતા. જેથી અમોએ વચ્ચે પડી બોલાચાલી થતા અટકાવેલ. આ બનાવમાં સામાન્ય બોલાચાલી થવા સિવાય બીજુ કશુ બનેલ નહી. આ બનાવની મારા પતિ ધિરૂભાઈ નાઓએ મહુવા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ આપેલ. પોલીસે મારૂ નામઠામ પુછેલુ પરંતુ કોઈ નિવેદન કે જવાબ લીધેલ હોય તેવુ બનેલ નથી. આરોપીઓને જોયેથી ઓળખુ છું."

ત્યારબાદ સદરહુ સાહેદની આરોપીઓના વિ.વ.શ્રી દ્વારા ઉલટતપાસ કરવામાં આવેલી છે જેમા તેઓ જણાવે છે કે, "એ વાત ખરી છે કે અમારા અને આ

કામના આરોપીઓ વચ્ચે મિલકત બાબતે ઘણા સમયથી તકરારો ચાલતી આવેલી છે. એ વાત ખરી છે કે આ બનાવમાં ફક્ત સામાન્ય બોલાચાલી થયેલી તે સિવાય બીજુ કશુ બનેલ નથી. એ વાત ખરી છે કે બોલાચાલી થતી વખતે મારા પતિ ધિરૂભાઈનો પગ લપશી જતા તેઓ નીચે પડી ગયેલ અને તેઓને માર વાગેલ. એ વાત ખરી છે કે આ કામના આરોપીઓએ મને કોઈ જાનથી મારી નાખવાની ધમકી આપેલ નથી."

(૮.૩) ત્યારબાદ આંક–૧૭ થી સાહેદ જયશ્રીબેન રવિન્દ્રભાઈ નાયકાને સોગંદ પર તપાસવામાં આવેલા છે તેઓ પોતાની સોગંદ પરની જુબાનીમાં જણાવે છે કે "બનાવ આઠેક માસ અગાઉ બનેલો. બનાવના દિવસે હું મારા ઘરે હાજર હતી તે વખતે મને ઝઘડો થતો હોય તેવો જોરજોરથી અવાજ આવતા હું તથા મારી સાસુ લીલાબેન બનાવ વાળી જગ્યાએ ગયેલ ત્યાં જઈને જોતા મારા સસરા ધિરૂભાઈ નાઓ સાથે રાજુભાઈ સુરજીભાઈ અને તેના ઘરના સભ્યો બોલાચાલી કરતા હતા. જેથી અમોએ વચ્ચે પડી બોલાચાલી થતા અટકાવેલ. આ બનાવમાં સામાન્ય બોલાચાલી થવા સિવાય બીજુ કશુ બનેલ નહી. આ બનાવની મારા સસરા ધિરૂભાઈ નાઓએ મહુવા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ આપેલ. પોલીસે મારૂ નામઠામ પુછેલુ પરંતુ કોઈ નિવેદન કે જવાબ લીધેલ હોય તેવુ બનેલ નથી. આરોપીઓને જોયેથી ઓળખુ છું."

ત્યારબાદ સદરહુ સાહેદની આરોપીઓના વિ.વ.શ્રી દ્વારા ઉલટતપાસ કરવામાં આવેલી છે જેમા તેઓ જણાવે છે કે, "એ વાત ખરી છે કે અમારા અને આ કામના આરોપીઓ વચ્ચે મિલકત બાબતે ઘણા સમયથી તકરારો ચાલતી આવેલી છે.

એ વાત ખરી છે કે આ બનાવમાં ફક્ત સામાન્ય બોલાચાલી થયેલી તે સિવાય બીજુ કશુ બનેલ નથી. એ વાત ખરી છે કે બોલાચાલી થતી વખતે મારા સસરા ધિરૂભાઈનો પગ લપશી જતા તેઓ નીચે પડી ગયેલ અને તેઓને માર વાગેલ. એ વાત ખરી છે કે આ કામના આરોપીઓએ મને કોઈ જાનથી મારી નાખવાની ધમકી આપેલ નથી."

(૮.૪) ત્યારબાદ આંક–૧૮ થી સાહેદ તેજસભાઈ સુમનભાઈ નાયકાને સોગંદ પર તપાસવામાં આવેલા છે તેઓ પોતાની સોગંદ પરની જુબાનીમાં જણાવે છે કે, "બનાવ આઠેક માસ અગાઉ બનેલો. બનાવના દિવસે હું મારા ઘરે હાજર હતો તે વખતે મારા પડોશમાં રહેતા જયશ્રીબેન તથા લીલાબેન નાઓએ મને જણાવેલ કે આપણા ઘર બાજુ રસ્તા ઉપર ઝઘડો થાય છે અને જોરજોરથી અવાજ આવતો હોય જેથી ચાલો આપણે ત્યાં જઈએ તેવી વાત કરતા અમો ત્યાં ગયેલ ત્યાં જઈને જોતા ધિરૂભાઈ નાઓ સાથે રાજુભાઈ સુરજીભાઈ અને તેના ઘરના સભ્યો બોલાચાલી કરતા હતા. જેથી અમોએ વચ્ચે પડી બોલાચાલી થતા અટકાવેલ. આ બનાવમાં સામાન્ય બોલાચાલી થવા સિવાય બીજુ કશુ બનેલ નહી. આ બનાવની ધિરૂભાઈ નાઓએ મહુવા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ આપેલ. પોલીસે મારૂ નામઠામ પુછેલુ પરંતુ કોઈ નિવેદન કે જવાબ લીધેલ હોય તેવુ બનેલ નથી. આરોપીઓને જોયેથી ઓળખુ છું."

ત્યારબાદ સદરહુ સાહેદની આરોપીઓના વિ.વ.શ્રી દ્વારા ઉલટતપાસ કરવામાં આવેલી છે જેમા તેઓ જણાવે છે કે, "એ વાત ખરી છે કે આ બનાવમાં ફક્ત સામાન્ય બોલાચાલી થયેલી તે સિવાય બીજુ કશુ બનેલ નથી. એ વાત ખરી છે કે

બોલાચાલી થતી વખતે ધિરૂભાઈનો પગ લપશી જતા તેઓ નીચે પડી ગયેલ અને તેઓને માર વાગેલ."

**(૮.૫)** ત્યારબાદ આંક–૧૯ થી તપાસ કરનાર અમલદાર જયેશભાઈ કોટાભાઈને સોગંદ પર તપાસવામાં આવેલા છે તેઓ પોતાની સોગંદ પરની જુબાનીમાં જણાવે છે કે "ગઈ તારીખ ૦૪/૦૧/૨૦૨૫ ના રોજ ફરિયાદી ધિરૂભાઈ ડાહ્યાભાઈ નાયકા રહેવાસી–વાછાવડ ગામ, નીચલી નાયકીવાડ ફળીયુ, તા.મહુવા, જી.સુરત નાઓએ બી.એન.એસ. ની કલમ–૧૧૫(૨), ૩૫૨, ૩૫૧(૩), ૫૪ મુજબની ફરિયાદ આપતા જે ફરિયાદ મહુવા પોલીસ સ્ટેશન અમલદારે રજીસ્ટર કરી આગળની તપાસ અમોને સોપતા અમોએ તપાસ સંભાળી લીધેલ. તપાસના કામે ગુનાવાળી જગ્યાનુ પંચનામુ કરેલ. લાગતા વળગતા સાહેદોના નિવેદનો લીધેલ. તેમજ સદર ગુનાના કામે મેડીકલ સર્ટીફીકેટ મેળવી કામમાં સામેલ રાખેલ. ત્યારબાદ આરોપીઓ વિરૂધ્ધ પુરતો પુરાવો જણાતા આરોપીઓને અટક કરેલ અને નામદાર કોર્ટમાં ચાર્જશીટ કરેલ. આરોપીઓને જોયેથી હું ઓળખું છું. આજરોજ ગુનાવાળી જગ્યાનુ પંચનામુ અને મેડીકલ સર્ટીફીકેટ રજુ કરૂ છુ જેને રજુ દાખલ આંક–૨૦ અને આંક–૨૧ આપવામાં આવે છે."

ત્યારબાદ સદરહુ તપાસ કરનાર અમલદારની આરોપીઓના વિ.વ.શ્રી દ્વારા ઉલટતપાસ કરવામાં આવેલી છે જેમા તેઓ જણાવે છે કે, "એ વાત ખરી છે કે મારી તપાસમાં એવી હકિકત ખુલેલ કે આ કામના આરોપીઓ અને ફરિયાદી વચ્ચે

મિલકત બાબતે સીવીલ તકરારો ચાલતી આવેલી છે. એ વાત ખરી નથી કે પંચોની તૈયાર પંચનામામાં પોલીસ સ્ટેશનમાં સહીઓ લીધેલી. એ વાત ખરી નથી કે સાહેદોના નિવેદનો મે મારી મરજી મુજબ લખી લીધેલા. એ વાત ખરી છે કે આ કામે ક્રોસ ફરિયાદ થયેલ છે અને તેની તપાસ પણ મે જ કરેલ છે. એ વાત ખરી નથી કે આરોપીઓ વિરૂધ્ધ પુરતો પુરાવો ન હોવા છતા ખોટુ ચાર્જશીટ કરેલ છે."

**(૯) મુદ્દા નં. ૧ ની ચર્ચા**

સદર કામે તમામ સાહેદોની જુબાનીનો પુરાવો વંચાણે લીધો તેમજ તે અનુસંધાને બી.એન.એસ. ની કલમ – ૧૧૫(૨), ૩૫૨, ૩૫૧(૩) અને ૫૪ ની કલમ ધ્યાને લીધી.

આમ, ઉપરોકત ફરિયાદપક્ષે આરોપી સામેનો કેસ પુરવાર કરવા માટે જે પુરાવો રેકર્ડ ઉપર રજુ કરેલ છે તે સમગ્ર પુરાવો ધ્યાને રાખી મૂલ્યાંકન કરવામાં આવે તો, સદર કામે આંક – ૧૪ થી PW – 1 ફરીયાદી ધીરૂભાઇ ડાહ્યાભાઇ નાયકાનાઓને તપાસવામાં આવેલ છે અને તેઓની જુબાની જોવામાં આવે તો બનાવમાં તેઓ અને આરોપીઓ વચ્ચે બોલાચાલી થયેલાનું જણાઇ આવે છે પરંતુ સદર ફરીયાદી પોતાની સરતપાસમાં સામાન્ય બોલાચાલી થવા સિવાય બીજુ કશુ બનેલ ન હોવાનું જણાવે છે અને સદર ફરીયાદી ફરીયાદપક્ષના કેસને સમર્થનકારી પુરાવો પુરો પાડતા ન હોય જેથી સદર ફરીયાદીને ફરી ગયેલા સાહેદ જાહેર કરવામાં આવેલ છે અને સદર ફરીયાદી પોતાની ઉલટતપાસમાં બનાવમાં ફકત સામાન્ય બોલાચાલી થયેલી તે સિવાય બીજુ

કશુ બનેલ ન હોવાનું અને બોલાચાલી થતી વખતે તેઓનો પગ લપશી જતાં તેઓ નીચે પડી ગયેલ અને માર વાગેલ હોવાનું તેમજ આરોપીઓએ તેઓને કોઇ જાનથી મારી નાખવાની ધમકી આપેલ ન હોવાનું અને આરોપીઓએ તેઓને ધિક મુકકીનો માર મારેલ ન હોવાનું સ્વીકારતા હોય ત્યારે સદર ફરીયાદીની જુબાની થકી બનાવમાં સામાન્ય બોલાચાલી થવા સિવાય ફરીયાદ મુજબનું બીજુ કશુ બનેલ હોવાનું અને આરોપીઓએ ઢીક મુકકીનો માર મારેલ હોવાનું કે આરોપીઓએ જાનથી મારી નાખવાની ધમકી આપેલ હોવાનું પુરવાર થતુ ન હોય જેથી સદર ફરીયાદીની જુબાની થકી ફરીયાદપક્ષના કેસને સમર્થન મળતુ નથી.

વધુમાં, આંક – ૧૬ થી PW – 2 સાહેદ લીલાબેન ધીરૂભાઇ નાયકા તથા આંક – ૧૭ થી PW – 3 સાહેદ જયશ્રીબેન રવીન્દ્રભાઇ નાયકા તથા આંક – ૧૮ થી PW – 4 સાહેદ તેજસભાઇ સુમનભાઇ નાયકાનાઓને તપાસવામાં આવેલ છે અને સદર સાહેદોએ એકસમાન નિવેદનો આપેલ હોય સદર સાહેદોની જુબાનીઓનું એકસાથે મુલ્યાંકન કરવામાં આવેલ છે અને સદર સાહેદોની સોગંદ પરની જુબાનીઓ જોવામાં આવે તો ફરીયાદી તથા આરોપીઓ વચ્ચે સામાન્ય બોલાચાલી થયેલાનું જણાઇ આવે છે પરંતુ સદર સાહેદો પોતાની સરતપાસમાં સામાન્ય બોલાચાલી થવા સિવાય બીજુ કશુ બનેલ ન હોવાનું જણાવતા હોય અને સદર સાહેદો પોતાની ઉલટતપાસમાં ફકત સામાન્ય બોલાચાલી થયેલી તે સિવાય બીજુ કશુ બનેલ ન હોવાનું અને બોલાચાલી થતી વખતે ધીરૂભાઇનો પગ લપસી જતાં તેઓ નીચે પડી

જતાં ધીરૂભાઇને માર વાગેલાનું અને આરોપીઓએ તેઓને કોઇ જાનથી મારી નાખવાની ધમકી આપેલ ન હોવાનું સ્વીકાર કરતાં હોય ત્યારે સદર સાહેદોની જુબાનીઓ થકી સામાન્ય બોલાચાલી થવા સિવાય બીજુ કશુ બનેલ હોવાનું અને આરોપીઓએ જાનથી મારી નાખવાની ધમકી આપેલ હોવાનું કે આરોપીઓએ ફરીયાદીને માર મારેલ હોવાનું પુરવાર થતુ ન હોય જેથી સદર સાહેદોની જુબાનીઓ થકી ફરીયાદપક્ષના કેસને સમર્થન મળતુ નથી.

વધુમાં, આંક–૧૯ થી PW – 5 તપાસ કરનાર અમલદાર જયેશભાઇ કોટાભાઇનાઓને તપાસવામાં આવેલ છે અને તેઓએ તેમની જુબાનીમાં તેઓએ કરેલ તપાસને અનુરૂપ વિગતો જણાવેલ છે પરંતુ જયારે મુખ્ય ફરીયાદી તથા સાહેદોની જુબાનીઓ થકી ફરીયાદપક્ષનો કેસ પુરવાર થતો ન હોય ત્યારે તપાસ કરનાર અમલદારનાઓની જુબાની સંપુર્ણ માની લેવામાં આવે તો પણ આરોપીઓ સામેનો કેસ પુરવાર થતો નથી.

વધુમાં, આંક – ૨૦ થી ગુનાવાળી જગ્યાનું પંચનામું તથા આંક – ૨૧ થી મેડીકલ સર્ટી. આ કામે રજુ છે પરંતુ જયારે મુખ્ય ફરીયાદી તથા સાહેદોના પુરાવા થકી ફરીયાદપક્ષના કેસને સમર્થન મળતુ ન હોય ત્યારે ગૌણ પુરાવા પર આધાર રાખી આરોપીઓને તકસીરવાન ઠરાવી શકાય નહી.

વધુમાં નામદાર સર્વોચ્ચ અદાલતે તેમના ચુકાદા AIR 2001 (S.C) 1380 “Sohan v. State of Haryana” માં એવુ પ્રસ્થાપિત કરેલ છે કે, “21.

An accused is presumed to be innocent until he is found guilty. The burden of proof, that he is guilty, is on the prosecution and that the prosecution has to establish its case beyond all reasonable doubts. In other words, the innocence of an accused can be dispelled by the prosecution only on establishing his guilt beyond all reasonable doubts on the basis of evidence."

કાયદાનો પ્રસ્થાપિત સિધ્ધાંત છે કે, આરોપી વિરૂધ્ધનો કેસ પુરવાર ન થાય ત્યાં સુધી તે નિર્દોષ હોવાનું અનુમાન કરવામાં આવે છે અને ફરિયાદપક્ષે પોતાનો કેસ શંકાથી પર (**Beyond Reasonable Doubt**) પુરવાર કરવો પડે. આમ, ઉપરોકત તમામ ચર્ચા, કેસની હકીકત, રજૂ થયેલ પુરાવો તથા કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંતો અને નામદાર સુપ્રિમ કોર્ટના ચુકાદાઓ ધ્યાને લેતાં અત્રેની કોર્ટનું સ્પષ્ટ માનવું છે કે, આ કામે આરોપી વિરૂધ્ધનો કેસ શંકાથી પર પુરવાર કરવામાં ફરિયાદપક્ષ નિષ્ફળ રહેલ છે. આરોપીએ કહેવાતો ગુનો કરેલ હોવાની હકીકત નિઃશંકપણે પુરવાર થતી નથી.

**(૧૦)** આમ, ઉપરોકત કરેલ ચર્ચા મુજબ આ કામના આરોપીઓએ બી.એન.એસ.ની કલમ – ૧૧૫(૨), ૩૫૨, ૩૫૧(૩), ૫૪ મુજબનો ગુનો કરેલ હોઇ તેવું પુરાવાથી નિઃશંકપણે પુરવાર કરવામાં ફરિયાદપક્ષ નિષ્ફળ ગયેલ છે તેમ

આ અદાલતનું માનવું છે. તેથી મુદા નં.૧ નો જવાબ નકારમાં આપી અને મુદા નં.૨ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવુ છું.

**-// આ ખ રી હુ ક મ //-**

(૧) આરોપીઓ - ૧. રાજુભાઈ સુરજીભાઈ નાયકા, ૨. લાલુભાઈ રાજુભાઈ નાયકા, ૩. મીનાબેન વિનોદભાઈ નાયકા, ૪. નરેશભાઈ સુરજીભાઈ નાયકા, ૫. સુમિત્રાબેન નરેશભાઈ નાયકા, ૬. જયાબેન પ્રકાશભાઈ નાયકા, ૭. નમ્રતાબેન વિજયભાઈ નાયકાનાઓને બી.એન.એસ.એસ.ની કલમ - ૨૭૧ મુજબ બી.એન.એસ.ની કલમ - ૧૧૫(૨), ૩૫૨, ૩૫૧(૩), ૫૪ મુજબનાં ગુનાનાં આરોપમાંથી પુરાવાનાં અભાવે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આરોપીઓના જામીનખત તથા બોન્ડ આથી રદ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) બી.એન.એસ.એસ.ની કલમ - ૪૮૧ અન્વયે અપીલ કોર્ટમાં હાજર રહેવાની બાંહેધરી માટે દરેક આરોપીએ રૂ.૫૦૦૦/- (અંકે રૂપિયા પાંચ હજાર પુરા) ના છ માસની મુદત માટે જામીન રજુ કરવાં.

હુકમ આજ તારીખ ૨૩મી માહે માર્ચ સને ૨૦૨૬ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૨૩/૦૩/૨૦૨૬
મહુવા, જિ.સુરત

**(દેવાંશુ શર્મા)**
**પ્રિન્સીપાલ સિવિલ જજ અને જ્યુડી.મેજી.ફ.ક.,**
**તા.મહુવા જિ.સુરત**
**કોડ નં.જીજે૦૧૬૧૯**

DEVANSHU SHARMA
PRINCIPAL CIVIL JUDGE MAHUVA